SC.No.45/2023

**સેશન્સ કેસ નંબરઃ- ૪૫/૨૦૨૩**
**આંક -૧૦૩**

| સેશન્સ કેસ નંબરઃ- ૪૫/૨૦૨૩ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૭ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | ધનરાજસિંહ સુરસિંહ રાજપુત | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9313687897 |
| ઉંમર આશરે | ૨૨ | વરસની | ધંધો | વેપાર |
| રહેવાનુ | લાલ ચાલી ડીસા તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી. |

(૧) બે અઢી વર્ષ પહેલા ડીસા શહેર ઉતર પો.સ્ટે.ના અધિકારીશ્રીએ બોલાવતા અમો પોલીસ સ્ટેશને હાજર થયેલ અને બીજા ઈસમ મોન્ટુ અમરતલાલ રાઠોડ ત્યાં હાજર હતા. પોલીસે અમોને પંચમાં રહેવા કહેતા અમોએ અમારી સંમતિ બતાવેલી. પોલીસ સ્ટેશનમાં મનોજકુમાર ચંપકલાલ હાજર હતા. હવે હું કહુ છુ કે , પ્રકાશકુમાર ચંપકલાલ ઠાકોર હાજર હતા ત્યાં કપડા લઈને આવેલા હતા. જે કપડા કોર્ટનના પેન્ટ અને શર્ટ હતું. જે શર્ટ આંખી બાંયનું , કલર આછુ લાલ ચોકડીવાળું , શર્ટના પાછળના કોલરના ભાગે કાળા કલરનું સ્ટીકર હતુ જેમાં અંગ્રેજીમાં કંઈક લખેલ હતુ, જે શર્ટના આગળ અને પાછળના ભાગે છુટા છવાયા લોહીના ડાઘા હતા, આ શર્ટને એક થેલીમાં મુકી, જેમાં મારી તથા બીજા કોની સહી કરી તે મને હાલ યાદ નથી, સદર થેલી પોલીસે મારી હાજરીમાં સીલ કરેલી. તેમજ પેન્ટ વાદળી કલરનું ઘાટુ, આગળ પાછળ બે ખિસ્સાઓ હતા, કમરના ભાગે સ્ટીકર લગાવેલુ જેના ઉપર અંગ્રેજીમાં કંઈક લખેલ હતુ ,જે મને હાલ યાદ નથી, જે પેન્ટની આગળ પાછળ લોહીના ડાઘા હતા, જેમાં માહી તથા બીજા પ્રકાશભાઈની સહી

સાહેદની સહી ........................

કરાવેલી. પોલીસે સહીવાળી કાપલી તથા પેન્ટ થેલીમાં મુકી. મારી હાજરીમાં કબજે કરેલ. જેને શુ માર્ક આપેલો તેની મને ખબર નથી. પોલીસે સદર હકીકતનું પંચનામુ કરેલુ. જેમાં મારી તથા મારી સાથે બીજા પંચ પ્રકાશકુમારની સહી કરાવેલી. મને મુદામાલ બતાવવામાં આવે તો હું ઓળખી શકું.

મને મુદામાલ માર્ક:ડીવાળી એક સફેદ કલરની બેગીમાંથી નીકળેલ એક શર્ટ આંખી બાંયનું સફેદ આછા લાલ તથા રાખોડી કલરના આડા પટ્ટાની ડીઝાઈનવાળુ શર્ટ બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે, જે પોલીસ અમારી હાજરીમાં કબજે કરેલ. તે તેજ છે, તેમાંથી નીકળેલ કાપલી મને બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૨ તરીકે મારી તથા બીજી સહી પંચ નં.૧મોન્ટુ અમરતલાલ રાઠોડની સહી છે, જેઓએ મારી હાજરીમાં કરેલી, જે સહી હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૧૦૪** આપવામાં આવે છે.

મને મુદામાલ માર્ક:ડી–૧વાળી એક સફેદ કલરની બેગીમાંથી નીકળેલ એક પેન્ટ જે ઘાટાવાદળી કલરનું આગળ તથા પાછળના ભાગે બે–બે ખિસ્સાવાળું, જેના કમરના ભાગે લાલ કલરનું સ્ટીકર મારેલુ છે, જે બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે, જે પોલીસ અમારી હાજરીમાં કબજે કરેલ. તે તેજ છે, તેમાંથી નીકળેલ કાપલી મને બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૨ તરીકે મારી તથા બીજી સહીપંચ નં.૧ મોન્ટુ અમરતલાલ રાઠોડની સહીઓ છે, જેઓએ મારી હાજરીમાં કરેલી, જે સહી હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૧૦૫** આપવામાં આવે છે.

મને માર્ક:૧૦/૨૪વાળું બનાવ સમયે પહેરેલ કપડાનું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૨ તરીકે મારી તથા બીજી સહી પંચ નં૧ તરીકે મોન્ટુ અમરતલાલ રાઠોડની સહી છે, જેઓએ મારી હાજરીમાં કરેલી, જે સહીઓ હું ઓળખી બતાવુ છુ,

સાહેદની સહી ........................

જે રજુ દાખલ **<u>આંક:૧૦૬</u>** આપવામાં આવે છે.

**<u>સરતપાસ પુરી.</u>**

**<u>આરોપીનં.૧ તર્ફે ઉલટતપાસ</u> <u>વિ.વ.શ્રી.બી.બી.મૈઢ..</u>**

(૨) એ વાત ખરી છે કે મનોજભાઈ, પ્રકાશભાઈ તથા હું અમે ત્રણેય એક જ લાલ ચાલી વિસ્તારમાં રહીએ છીએ. એ વાત ખરી નથી કે પ્રકાશભાઈ પોલીસ સ્ટેશન લઈને આવેલા. એ વાત ખરી છે કે પોલીસ સ્ટેશનમાં આવ્યા બાદ મારી બધે સહીઓ લીધેલ અને સહીઓ લીધા બાદ મને જવા દીધેલ. સાહેદ સ્વેછાએ જણાવે છે કે મનોજભાઈને ગુનાના કેસમાં લાગેલુ છે તેમના કપડાનું પંચનામુ કરશો તો મે હા પાડેલી અને સહીઓ કરેલી.

**<u>બાકીના આરોપીઓ તર્ફે ઉલટતપાસ</u> <u>વિ.વ.શ્રી.ડી.જી.તિવારી, એમ.આર. ચૌધરી, ડી.આઈ. કોન્ટ્રાકટર,એસ.એલ.શેખ.</u>**
**ઉપર મુજબની ઉલટતપાસ કબુલ રાખેલ છે.**
**વધુ ઉલટતપાસ નથી.**
**ઉલટ તપાસ પુરી..**
**ફેર તપાસ નથી..**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૭/૧૧/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી .......................